# ૩ મકાન વગરના વાનર

H9H6Y5

## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

વરસાદ આવે રમઝમ
વાદળાં ગાજે ઘમઘમ
વીજળી ચમકે ચમચમ
ધરતી લીલી છમછમ
ઢોલ વગાડો ઢમઢમ
ગાઓ, નાચો છમછમ

## ૨. જોડો :

● બાળકોને સરખી ઋતુઓનાં ચિત્રોની જોડ બનાવવા કહો.










Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. વાતચીત :

નીચે જેવા પ્રશ્નો પૂછો. વિદ્યાર્થીઓ પોતાની માતૃભાષામાં જવાબ આપે તે સ્વીકારવા.

૧. વરસાદ પડે તે ઋતુને કઈ ઋતુ કહેવાય ?

૨. કઈ ઋતુમાં ઠંડી લાગે ?

૩. કઈ ઋતુમાં ગરમી લાગે ?

૪. ટાઢ, ગરમી અને વરસાદથી બચવા શું શું કરી શકાય ? નવા નવા ઉપાયો બતાવો.

૫. માછલી વરસાદથી બચવા શું કરતી હશે ?

## ૪. વાર્તા :

### વાંદરાભાઈનું ઘર


એક હતા વાંદરાભાઈ.

ખટખટ એનું નામ.

એને ઝાડે ઝાડે ફરવું ગમે ને છાપરાં ઉપર કૂદવું ગમે. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે. હૂપાહૂપ કરતો રહે.

શિયાળો શરૂ થયો. ધીમે ધીમે ઠંડી વધવા માંડી. ખટખટને ઠંડી લાગે એટલે એ એક ડાળથી બીજી ડાળે ફરતો જાય, એક છાપરા પરથી બીજા છાપરા પર કૂદતો જાય ને ઠંડી ભગાડતો જાય.

ખટખટે એક ઘર પાસે અચરજ જોયું !



થોડા માણસો ભેગા થઈ લાકડાં સળગાવી લાલ લાલ વસ્તુ પાસે હાથ રાખતા હતા ને ગાલ પર મૂકતા હતા. "આહા ! મળી ગઈ ઠંડી ભગાડવાની રીત !" ખટખટે કૂદકા માર્યા. તેણે ખેતરોમાં ફરી ફરીને લાલ મરચાં ભેગાં કર્યાં. ઝાડ નીચે ઢગલો કર્યો. હૂપાહૂપ કરી દોસ્તોને બોલાવ્યા. બધા ભેગા



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મળી ઠંડી ભગાડવા બેઠા.

ખટખટ કહે, ‘‘આહાહાહા...! ઠંડી ભાગી રહી છે.’’

બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલવા લાગ્યા : હા, ભાગી રહી છે.

ઝાડ પરના લાંબા માળામાં ઝૂલતી ચટપટ સુઘરી આ જોઈ રહી હતી. ‘‘બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે ! ઠંડીથી બચવા હું તેમને મારા માળામાંય બોલાવી શકતી નથી.’’

ખટખટે તો ચટપટ સુઘરીને બોલાવી, ‘‘આવ... આવ... ચટપટ, તાપવા આવ...’’

ચટપટ કહે, ‘‘ના, ના... સૉરી હોં ખટખટ. હું તો મારા માળામાં છું. મને મારા આ ઘરમાં જરાય ઠંડી ન લાગે.’’

ખટખટ કહે, ‘‘એવું તે કંઈ હોય ? આટલી બધી ઠંડી છે ને !’’

સુઘરી કહે, ‘‘પણ ઘર હોય તો ઓછી ઠંડી લાગે. હું તો કહું છું કે તમેય તમારું ઘર બનાવી લો ને ! ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને ચોમાસામાં વરસાદથીય બચી શકાશે.’’

ખટખટને થયું, આ નાનકી સુઘરી મને સલાહ આપવા નીકળી છે !

થોડીવાર પછી બધા સાથે હૂપાહૂપ કરી એક ઝાડથી બીજા ઝાડ પર ફરવા લાગ્યા ને ગાવા લાગ્યા :

**ડાળે ડાળે કૂદીએ છીએ**
**ઝાડે ઝાડે ફરીએ છીએ**
**ઠંડીથી ક્યાં ડરીએ છીએ**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...(૨)**

પછી આવ્યો ઉનાળો. આકાશમાંથી જાણે આગ વરસી રહી હતી. ખટખટ અને એના દોસ્તો પરસેવાથી રેબઝેબ. સૌ પોતપોતાની પૂંછડીઓથી પવન નાંખવા લાગ્યા.


સુઘરીબાઈએ માળામાંથી ઝૂલતાં ઝૂલતાં બૂમ પાડી, ‘‘ખટખટ એય ખટખટ... તારે ઘર નથી બનાવવું ?’’

ખટખટ તો બીજી ડાળે ઠેકડો મારી ગીત ગાતો ગાતો ગયો :



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ઝાડને છાંયે રહીએ છીએ**
**પૂંછડે પવન ખાઈએ છીએ**
**ગરમીથી ક્યાં ડરીએ છીએ ?**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ... (૨)**




ચટપટ સુઘરી તો પોતાના માળામાં ઝૂલતી રહી ને ખટખટ વાંદરાની ચિંતા કરતી રહી.

ચોમાસું આવ્યું. આકાશમાંથી વરસાદ તૂટી પડ્યો. કડડડધૂમ... ગડડડધૂમ... વીજળીના કડાકા ભડાકા ને વાદળોનો ગડગડાટ... બધાં ઝાડ પાણીથી તરબોળ. બધે જ જળબંબાકાર જળબંબાકાર... ખટખટ ને તેના દોસ્તો ભીંજાઈ ગયા. માથે, મોઢે, પીઠે, પૂંછડે... પાણી જ પાણી... ઠંડીય ખૂબ લાગી.

માળામાંથી સુઘરી ફરરફર કરતી આવી, તેણે જોયું કે બધા વાંદરા તેમની પૂંછડી ઊંચી કરી મિનારા જેવું બનાવીને બેઠા હતા ને ગાતા હતા :

**પૂંછમિનારમાં રહીએ છીએ**
**વરસાદથી ક્યાં ડરીએ છીએ**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...**
**હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...**



પછી ત્યાંથી હૂપાહૂપ કરતા ભાગી ગયા.

વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું. ને ચટપટ સુઘરીબાઈએ ચિંતાય છોડી દીધી.

## ૫. વાતચીત :

૧. વાંદરાનું નામ શું હતું ?
૨. વાંદરાની ચિંતા કોણ કરતું હતું ?
૩. ચટપટ સુઘરી વાંદરાની શી ચિંતા કરતી હતી ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. ઘર વગર વાંદરાને કઈ કઈ મુશ્કેલી પડી ?

૫. ઠંડીથી બચવા શિયાળામાં વાંદરાઓએ શું કર્યું ?

૬. ગરમીથી બચવા ઉનાળામાં વાંદરાએ શું કર્યું ?

૭. ખટખટ અને તેના દોસ્તોના ચોમાસામાં શા હાલ થયા ?

૮. વાંદરાએ જે કર્યું તે બરાબર હતું ? તમે વાંદરાને શો ઉપાય બતાવશો ?

૯. આ 'નાનકી' મને સલાહ આપવા નીકળી છે. અહીં નાનકી એટલે કોણ ?

૧૦. તમને કઈ ઋતુ વધારે ગમે ? કેમ ?

૧૧. વાંદરાઓ વારે વારે શું બોલતા હતા ? વાંદરાઓની જેમ બોલો.

## ૬. અભિનય :

૧. તમે વાંદરાભાઈ છો : ઠંડી, ગરમી, વરસાદથી બચવા શું કરશો ?

૨. તમે સુઘરી છો : વાંદરાને શી સલાહ આપશો ?

## ૭. લખો :

નીચે આપેલ પશુ-પંખીઓ માટે તેમને મનગમતાં નામ લખવા કહો.

(માઈરી, કબીરા, આબા, માણકી, ઈરિકા, આહેર, એરીબા, દડબડ, બકબક, સેજાન, કાદરસ)




• ____________



• ____________



• ____________



• ____________




• ____________



• ____________



• ____________



• ____________



• ____________



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૮. કહો આ શું છે ?

નીચેનાં ચિત્રો ઓળખાવો.


૧


૨


૩


૪


૫


૬


૭


૮

## ૯. લખો :

ચિત્રોની ઓળખ બાદ નીચેના નમૂના મુજબ તે માટેના અક્ષરો શોધીને પહેલા ખાનામાં લખાવો. બાકી રહેતા અક્ષરોથી બનતો શબ્દ બાજુના ખાનામાં લખાવો.

| | | | |
|---|---|---|---|
| ૧. | માખી | વ (મા) ર સા (ખી) દ | વરસાદ |
| ૨. | | ચ સા ક ર લી સ | |
| ૩. | | બિ મા લા સી ડી | |
| ૪. | | બા ટી ક ટ લી ડી | |
| ૫. | | પા મા ટ ણી લી | |
| ૬. | | ક ટ વ પા ર લી | |
| ૭. | | બ રા ખ જા ડી ર | |
| ૮. | | ખી દી વા લી લ | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૦. ત્રણવાર આંગળી ફેરવો :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. જુઓ અને લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | લ | લ | | લ |
| | | | | | |
| | ટ | | ટ | | ટ |
| | | | | | |
| | | ચ | ચ | | ચ |
| | | | | | |
| | | ખ | ખ | | ખ |
| | | | | | |
| અ | એ | ઐ | ઐ | | ઐ |
| | | | | | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


## ૧૨. જુઓ, વાંચો અને લખો :




પૈસા



સૈનિક



પપૈયું

## ૧૩. વાંચો અને લખો :

- જૈવિક કેરમ રમે છે.
- ઐરાવત પાણી પીએ છે.
- જૈમિનિએ રાખડી ખરીદી.
- આપણે દૈનિક ચાર લિટર પાણી પીએ છીએ.
- કૈરવીને સૈનિક તરીકે સારા એવા પૈસા મળે છે.

૩૨ ૩૨ ૩૨

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૪. ગાઓ :

સૂ સૂ સૂ સૂ વાયુ વાય
ઝબૂક ઝબૂક વીજળી થાય
દોડે વાદળ ચારે કોર
મે-આવ મે-આવ બોલે મોર
નભથી છાંટા પડતા જાય
ધરતી પાણી પાણી થાય
પંખી સૌ માળે સંતાય
બહાર બાળક ઊભાં નહાય

ધગધગતો ઉનાળો આવ્યો !
બળબળતો ઉનાળો આવ્યો !
ટાઢ ગઈ ને તડકો લાવ્યો !
આગનો જાણે ભડકો લાવ્યો !
લાંબા લાંબા દિવસો લાવ્યો
ટૂંકી ટૂંકી રાતો લાવ્યો !
તડબૂચ લાવ્યો, કેરી લાવ્યો
તડકે રમતી શેરી લાવ્યો !

ઠંડો વાય પવન સરસર
કંપે સૌ કોઈ થરથરથર
ખાટ્ટાં-મીઠાં બોરાં લાવ્યો
પતંગ-ફીરકી-દોરા લાવ્યો
બાબાભાઈની દાઢી કકડે
સૌ કોઈ બેસી જાય તડકે
સ્વેટર જૅકેટ શાલવાળો
આવ્યો આવ્યો આવ્યો શિયાળો

૩૩ ૩૩ ૩૩

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫. વાતચીત :

૧. વરસાદ આવે ત્યારે શું શું થાય ?
૨. વરસાદ આવે ત્યારે પંખી શું કરે ?
૩. વરસાદ આવે ત્યારે તમને શું કરવું ગમે ?
૪. ઉનાળામાં કયાં ફળો ખાવાની મજા પડે ?
૫. ઉનાળામાં તમને શું કરવું ખૂબ ગમે ?
૬. શિયાળામાં તમને શું કરવું ન ગમે ?

## ૧૬. રમત : કક્કા જાસૂસ

'વાંદરાભાઈનું ઘર' વાર્તામાંથી મૂળાક્ષર શોધાવી રમત રમાડો.

| અક્ષર | લ | ચ | ડ | ટ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

આ ઉપરાંત વિદ્યાર્થીઓને જાતે મૂળાક્ષરો પસંદ કરવા કહી આ રમત ફરીથી રમવા કહો.

| અક્ષર | | | | | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | | | | | |

## ૧૭. મોટેથી, ઝડપથી, ધીમેથી ગાઓ :

અગડં બગડં અગડં બગડં
અગડં બગડં અગડં
પડઘમ પડઘમ
પડઘમ સાથે ઢોલ છે;
શેરી નૈ અહીં પોળ છે.

નર્યું નાજુક છે એ નાનું
મીઠડું મીઠડું અને મજાનું
અડવા જશો ના લલચાઈ !
પતંગિયાને આંગળી અડાડશો ના કોઈ !



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૭. જુઓ અને ગોળ કરો :



શિ (ઉ) ચો



શિ ઉ ચો







શિ ઉ ચો



શિ ઉ (ચો)




શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો



(શિ) ઉ ચો



શિ ઉ ચો






શિ ઉ ચો



શિ ઉ ચો



શિ ઉ ચો

૩૪ ૩૪ ૩૪

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in